# નોધાયેલા સ્નાતકોના વિભાગની મતદાર યાદીમાં નવા નામ નોંધાવવા તેમજ ફેર નોંધણી કરાવવા અંગેની સૂચનાઓ

- ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ નં.-2(1),(2)(a),(b) મુજબ લાયકાત ધરાવનાર વ્યકિતઓ કે જેઓ નોંધાયેલા સ્નાતકો (રજીસ્ટર્ડ ગ્રેજ્યુએટસ) તરીકે પોતાના નામ દાખલ કરાવવા કે ફેર નોંધણી કરાવવા માંગતા હોય તે સર્વે પાસેથી નિયત કરવામાં આવેલ ફોર્મમાં ઓનલાઇન/ઑફલાઇન અરજીઓ ધ્વારા રજીસ્ટ્રેશન કરાવવાનું જણાવવામાં આવે છે.

- નિયત અરજી ફોર્મ યુનિવર્સિટીની વેબસાઇટ **www.ayurveduniversity.edu.in** ઉપરથી તા.27/10/2020 થી ઓનલાઈન ફોર્મ મુકવામાં આવેલ છે અથવા યુનિવર્સિટી કાર્યાલયમાં નવી નોંધણીની ફી રૂપિયા 100/- ઓનલાઇન/ઓફલાઇન ભરવાની રહેશે. તેમજ તાજેતરનો કલર ફોટોગ્રાફ, ડીગ્રી સર્ટીફીકેટ તેમજ અન્ય તમામ જરૂરી સર્ટીફીકેટની સ્વયંમ પ્રમાણીત નકલો સ્કેન કરીને ઓનલાઇન અરજી સાથે અપલોડ કરવાની રહેશે અને ઓન લાઈન ભરેલ નવી નોંધણીનું ફોર્મની પ્રિન્ટ કાઢી અને પ્રિન્ટ ઉપર સંબંધિત મતદારની સહી તેમજ સેનેટ સદસ્ય / ગેઝેટેડ ઓફીસરની સહી કરાવી અને તેમનો રબર સ્ટેમ્પ લગાડીને યુનિવર્સિટીને જરૂરી દસ્તાવેજ સાથે પોસ્ટ ધ્વારા તા.30/11/2020 સાંજના 5-00 વાગ્યા સુધીમાં યુનિવર્સિટીને મળી જાય તે રીતે મોકલી આપવાનું રહેશે.

- જે નોંધયેલા સ્નાતકોની નોંધણીની મુદત 31-12-2020 ના રોજ પુરી થાય છે, તેવા તમામ નોંધાયેલા સ્નાતકો ફરી પોતાના નામો ચાલુ રાખવા માંગતા હોય તો તેઓએ ફોર્મ ભરીને આ અરજી ફોર્મ કુલસચિવશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરને રીન્યુલ ફીના રૂપિયા 5/- ઓનલાઇન અથવા હિસાબી શાખામાં રૂબરૂ રોકડા અથવા મનીઓર્ડરથી તા.14-12-2020 સુધીમાં મળી જાય તે રીતે અચુક પણે મોકલી આપવાના રહેશે. અધુરી માહિતી, ફી વિનાની કે નક્કી કરેલ સમય મર્યાદામાં ન આવેલ અરજીઓ ધ્યાનમાં લઈ શકાશે નહી.

- જે વ્યકિતએ અગાઉ અરજી કરેલ છે, પરંતુ નિયમાનુસાર રદ થયેલ છે તેમણે નવેસરથી ઓનલાઇન/ઓફલાઇન અરજી કરવાની રહેશે. દરેક સ્નાતકોએ તાજેતરનો કલર ફોટોગ્રાફ તથા સરકાર માન્ય ઓળખપત્રની સ્વયંમ પ્રમાણીત નકલ સ્કેન કરીને અપલોડ કરવાની રહેશે. નામ સરનામામાં ફેરફાર થયેલ હોય તો તેના આધાર પુરાવાની ઝેરોક્ષ નકલ પ્રમાણિત કરીને ઓનલાઇન/ઓફલાઇન અરજી સાથે અપલોડ કરવાની રહેશે.

Hshala
03-11-2020

તા.02-11-2020

(એચ. પી. ઝાલા)
ઈ. કુલસચિવ

Gujarat Ayurved University, Jamnagar **Toll Free No. 1800 2337324**
ફેક્સ નંબર-91-0288-2555585 ફોન નંબર:- 2660002

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

**Accredited Grade "A" by NAAC (CGPA 3.28)**
**સેનેટ સિન્ડિકેટ**
ચાણક્ય ભવન, જામનગર-361 008
Email-syndicate@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in

નં.એસએસ-5/સ્નાતક રોલ/34/2020-21/ 1644 તા.02-11-2020 03-11

## -:: પરિપત્ર ::-

સિન્ડિકેટની તા.14/06/2016 ની સભામાં કાર્યસુચિ-19થી થયેલ નિર્ણય અનુસાર ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરમાં સ્નાતકોની મતદાર યાદીમાં નોંધાયેલ સ્નાતકો કે, જેઓની પાંચ વર્ષ નોંધણીની મુદત તા.31/12/2020 ના રોજ પૂર્ણ થાય છે, આ તમામ સ્નાતકો ફરીથી સ્નાતક મતદાર યાદીમાં ફેર-નોંધણી (Re-Registration) કરાવવા ઈચ્છતા હોય તો યુનિવર્સિટીની વેબસાઈટ **www. ayurveduniversity.edu.in** મારફત ઓન લાઈન/ઓફ લાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જેની છેલ્લી તા.14/12/2020 રહેશે.

જો સ્નાતક મતદાર ઓન લાઈન રી-રજીસ્ટ્રેશન (ફેરનોંધણી) કરવા માંગતા ન હોય તો તેઓ યુનિવર્સિટી વેબ સાઈટ ઉપરથી ફોર્મ ડાઉનલોડ કરી જરૂરી વિગતો સાથે રૂબરૂમાં અથવા પોસ્ટ દ્વારા તા.14-12-2020 સુધીમાં રીન્યુઅલ(ફેરનોંધણી) માટેની જરૂરી ફી રૂ।.5/- રાખવામાં આવેલ છે. સ્નાતક ફેર નોંધણી માટે નામ, અટક કે સરનામામાં ફેરફાર હોય તો તેના આધાર સાથે ફોર્મ સાથે રજૂ કરવાના રહેશે. જે સ્નાતકો નવેસરથી સ્નાતક મતદાર યાદીમાં નોંધણી કરવા માંગતા હોય તેઓએ ઓનલાઈન અને ઓફલાઈન માટેની ફી રૂ।.100/- રાખવામાં આવેલ છે મનીઓર્ડર અથવા યુનિવર્સિટી કાર્યાલયમાં રૂબરૂમાં રોકડાથી અરજી ફોર્મ સાથે તા.30/11/2020 સુધીમાં ભરી શકાશે. મનીઓર્ડર દ્વારા ફી મોકલનારે કુલસચિવશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરને મોકલી આપવાનો રહેશે.

અરજીફોર્મ સાથે પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો કલર ફોટોગ્રાફ, ડીગ્રી સર્ટીફીકેટ, અને અન્ય તમામ સર્ટીફીકેટ તથા પત્રવ્યવહારના સરનામાનો આધાર સ્કેન કરી ઓન લાઈન અરજી સાથે અપલોડ કરવાનો રહેશે. સ્નાતક મતદાર યાદીની નવી નોંધણી માટે ઓન લાઈન અરજી ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા.30/11/2020 ના રોજ સાંજના 5-00 વાગ્યા સુધીની રહેશે.

નોંધ :- 1) ઓન લાઈન રજીસ્ટ્રેશન કરવા માટે જો કોઈ માર્ગદર્શનની જરૂરીયાત હોય તો શ્રી જયદીપભાઇ કોટેચાના મોબાઈલ નં.94262 54165 ઉપર સવારે 11-00 થી સાંજના 5-00 કલાક દરમ્યાન સંપર્ક કરવો.

2) મનીઓર્ડર દ્વારા જ્યારે રકમ મોકલો ત્યારે નાણાં જે હેતુસર મોકલો છો તેની વિગત અચુક દર્શાવવા વિનંતી છે.

3) અરજી ફોર્મમાં મોબાઈલ નંબર અચુક દર્શાવવાનો રહેશે અને દર્શાવવામાં આવેલ મોબાઈલ નંબરની યુનિવર્સિટી દ્વારા ચકાસણી કરવામાં આવશે.

Jhala 03-11-2020

(એચ.પી. ઝાલા)
ઈ. કુલસચિવ

પ્રતિ,

(1) સર્વે સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીના સર્વે વિભાગીયવડાશ્રીઓ તરફ.... (નોટીસ બોર્ડમાં મૂકવાની સૂચના સાથે...)

(2) શ્રી પી.પી.એસ. (આઈ.ટી.) ટુ વાઈસ ચાન્સેલર (વેબસાઇટમાં અપડેટ કરવાની સૂચના સાથે)